આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

પ્રસન્નતા જ સ્વાસ્થ્ય છે,
અને અપ્રસન્નતા રોગ છે,
સાજા રહેવું હોય તો મજામાં
રહેતા શીખો
- પૂજ્ય મોટા

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૬૬ | ૭ ડિસેમ્બર, ૨૦૧૩, શનિવાર; માગશર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અતિમહારૂદ્ર યાગ -ગાંધીનગરના ઉનાવા ગામે ગોગા બાપાના તીર્થધામે ૧૫૧ કુંડીય મહારૂદ્રયાગનો શ્રદ્ધાપૂર્વક પ્રારંભ થયો હતો. હજ્જારોની સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટે છે... સમગ્ર ગામમાં ઉત્સવનો માહોલ છે... પરંપરાગત ગોગાબાપાના સ્થાનકમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના હજ્જારો ભાવિકોનું શ્રદ્ધાબિંદુ છે... હોમાત્મક મહારૂદ્રના ત્રિદિવસીય મહોત્સવમાં વિવિધ ધાર્મિક ઉત્સવો ઉજવાશે... આ મહોત્સવની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવી રહી છે. ગામના પ્રવેશ દ્વારથી લઈ સમગ્ર માર્ગને સજાવવામાં આવ્યો છે... રોશની કરવામાં આવી છે... અને સમગ્ર ગામમાં એક આધ્યામિક વાતાવરણ સર્જાયું છે...
(તસવીર : કશ્યપ નિમાવત)

જિલ્લામાં ૧૪ પ્રોજેક્ટ પડતા મૂકાયા

૨૦૧૩ના વાયબ્રન્ટ સમીટ દરમ્યાન આ ઉદ્યોગકારોએ ઉદ્યોગ સ્થાપવાની ઈચ્છાઓ દર્શાવી હતી

ગાંધીનગર, તા. ૬

જિલ્લાનાં અર્થતંત્રમાં પ્રવર્તતી મંદીથી ઉદ્યોગ જગત પણ બાકાત રહ્યું નથી. જિલ્લામાં છેલ્લા વાયબ્રન્ટ સમીટ દરમ્યાન ઉદ્યોગ સ્થાપવાની ઈચ્છા જાહેર કરનારા ૧૪ ઉદ્યોગપતિઓએ પોતાના પ્રોજેક્ટ પડતા મુકવાનો નિર્ણય કર્યો છે.

આ પ્રોજેક્ટ કેમ પડતા મુકવામાં આવ્યા છે તેની વિગતો પ્રાપ્ત થઈ શકી નથી પરંતુ ૨૦૧૩માં યોજાયેલ વાયબ્રન્ટ સમીટ દરમ્યાન જિલ્લામાં ૮૪ જેટલા ઉદ્યોગકારોએ ઉદ્યોગ સ્થાપવા માટેની ઈચ્છાઓ તંત્ર સમક્ષ વ્યક્ત કરી હતી. જે પૈકી ૨૬ એકમો ઉત્પાદન કરતા થઈ ગયા છે જ્યારે ૧૬ જેટલા ઔદ્યોગિક એકમો જુદા જુદા તબક્કે અમલીકરણ હેઠળ છે. તો ૨૮ જેટલા ઉદ્યોગો તેના પ્રાથમિક તબક્કામાં છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મળેલી જિલ્લા ઉદ્યોગ સલાહકાર સમિતિમાં જિલ્લાના ઔદ્યોગિક વિકાસ અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

જિલ્લાના સંતુલિત વિકાસ અંગે આ બેઠકમાં ઉદ્યોગકારોના પ્રશ્નો સહિતના સમગ્ર પાસાંઓ અંગે ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જેનુ સાક્ષી બન્યું છે તેવી ત્રણ વાયબ્રન્ટ સમીટમાં કુલ ૧૫૦ થી વધુ એમ.ઓ.યુ. થયા છે. પરંતુ તેમાંથી ૫૦ ટકા કરતાં થોડાક વધુ જ એકમો હજુ ઉત્પાદનમાં ગયા છે. આ ઉદ્યોગો પૈકી ૩૦ ટકા એકમો બેતેમના પ્રોજેક્ટ પડતા મુક્યા છે જેને લઈ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે પ્રદૂષણની સમસ્યા પણ ઉભી થઈ રહી હોવાની વાત ચર્ચામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ખાસ કરીને કલોલ અને તેની આસપાસના વિસ્તારોમાં થતા પ્રદૂષણની સમસ્યાને લઈ ચર્ચાઓ થઈ હતી. કલોલના ઉત્પાદન એકમો દ્વારા થતા પ્રદૂષણનો મુદ્દો જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિમાં પણ ચમક્યો છે. આ ઉપરાંત માણસા પંથકના એકમોના પ્રશ્નો અંગે પણ ચર્ચાઓ થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે જે પ્રોજેક્ટ પડતા મુકવામાં આવ્યા છે તેમાં સૂક્ષ્મ લઘુ અને મધ્યમ કક્ષાના પ્રોજેક્ટ છે. આ એકમોમાં રૂ. ૫ કરોડથી ૭ કરોડનું રોકાણ થવાનું હતું. તેમજ એક હજારથી વધુ યુવાનો માટે રોજગારીની તકો ઉભી થવાની હતી.

જિલ્લામાં સંતુલિત વિકાસની સાથે સાથે હાલના ઔદ્યોગિક એકમો દ્વારા પણ વિકાસની તકો અંગે ચર્ચાઓ થઈ હતી. જિલ્લામાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે સાત જેટલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન પણ મંજૂર થયા છે. જે ઉલ્લેખનીય છે.

એક જ દિવસમાં 3 ડિગ્રી પારો નીચે ઉતર્યો શહેરમાં ઠંડી પુનઃ વધી

ગાંધીનગર, તા. ૬

લઘુત્તમ તાપમાન પુનઃ ૧૩.૫ ડિગ્રીએ પહોંચી જતા શહેરમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. પારો એક જ દિવસમાં ત્રણેક ડિગ્રી જેટલો ઉતર્યો છે.

વાતાવરમણાં વારંવાર ફેરફાર થઈ રહ્યો છે. ક્યારેક પારો ખુબ નીચે ઉતરી જાય છે તો ક્યારેક તે ઉંચે ચઢી જાય છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નજીક પહોંચતા ઠંડીથી રાહત મળી હતી તો ગઈરાત્રે એક જ દિવસમાં પારો ત્રણેક ડિગ્રી જેટલો ઉતરી જતાં વસાહતીઓને ઠંડકનો અનુભવ થયો હતો. જો કે મહત્તમ તાપમાન હજુ ૩૧ ડિગ્રી રહેતા દિવસે થોડીક ગરમી લાગે છે.

છેલ્લા એક સપ્તાહમાં તાપમાનમાં નાટ્યાત્મક ફેરફાર થઈ રહ્યો છે. ગયા સપ્તાહના અંતે પારો ૧૨ ડિગ્રી સુધી ઉતર્યો હતો જ્યારે આ સપ્તાહના આરંભે ૧૬.૮ સુધી ઉંચે પહોંચેલો પારો આજે ૧૩.૫ ડિગ્રી પુનઃ ઉતર્યો છે અને હજુ ત્રણ દિવસમાં પારો ૧૦ ડિગ્રી સુધી જવાની સંભાવના છે.

નેલ્સન મંડેલાને ભાવભરી શ્રદ્ધાંજલિ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આપાઈ.

ગાંધીનગર એન્જીનીયરીંગ એસ્ટેટની પાણી લાઈનોના અપગ્રેડેશન અને દબાણના મુદ્દે સત્તાવાળાઓને રજુઆત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસોસીએશને વસાહતમાં પાણી પુરવઠાની હાલની વ્યવસ્થાને અપગ્રેડ કરવા સહિતના પાંચથી વધુ પ્રશ્નો જિલ્લા સત્તાવાળાઓ સમક્ષ રજુ કર્યા છે.

તાજેતરમાં ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ સલાહકાર કાર્યવાહક સમિતિની મળેલ બેઠકમાં આ પ્રશ્નો સંસ્થાના આગેવાનોએ રજુ કર્યા હતા. જેમાં પાણીનો પુરવઠો પુરા પ્રેસરથી અને પુરા સમયનો મળતો નહિ હોવાની રજુઆત કરી હતી.

એસોસીએશનના હોદેદારોએ કરેલી રજુઆતમાં એસ્ટેટની પાસે આવેલ આદિવાડા ગામના ગ્રામજનોના ગેરકાયદેસર દબાણોનો મુદ્દો પણ રજુ કર્યો હતો તેમજ પાણી અને ગટરના ગેર કાયદે જોડાણો હોવાની ચોંકાવનારી હકીકત રજુ કરતાં કલેક્ટરશ્રીએ તાત્કાલિક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણ આપી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં પુરતા પ્રેસર સાથે પાણી પુરવઠો આપવા માટે પાણીની લાઈનોના અપગ્રેડેશન એન્જીનીયરીંગ એસ્ટેટમાં થાય તે જરૂરી હોવા પર એસોસિએશને ખાસ ભાર મુક્યો હતો.

આ એસ્ટેટ એન્જીનીયરીંગ ક્ષેત્ર સાથે સંકળાયેલી હોવાથી તેના રિંગરોડના મજબુતીકરણની સાથે સાથે પહોળાઈ વધારવાનો આગ્રહ હોદેદારોએ કર્યો હતો. ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર પર જ આવેલ આ ઔદ્યોગિક વસાહતની બાજુમાં જ ઝુંપડપટ્ટી જે રીતે વિકસી રહી છે અને જે રીતે પર્યાવરણને નુકશાન કરવામાં આવી રહ્યું છે તે સામે તંત્રએ લાલ આંખ કરવી જોઈએ તેવી ચર્ચાઓ આ બેઠકમાં થઈ હોવાનું જાણવા મળેલ છે.

ઉપસચિવ કક્ષાના ૧૫ જેટલા અધિકારીઓને નાયબ સચિવ તરીકે બઢતી આપવાનો ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૬

સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા જુદા જુદા સંવર્ગના અધિકારીઓને બઢતી આપવાનો દોર શરુ કરવામાં આવતાં કર્મચારીઓ-અધિકારીઓમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારે ગઈ કાલે સચિવાલયના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતાં પાંચ નાયબ સચિવોને સંયુકત સચિવ તરીકે અને ૬ જેટલા સંયુકત સચિવોને અધિક સચિવ તરીકે બઢતી આપવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ૧૫થી વધુ ઉપસચિવ કક્ષાના અધિકારીઓને નાયબ સચિવ તરીકે બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી એક બે દિવસમાં બઢતીનો દોર શરુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ઉપસચિવમાંથી નાયબ સચિવ તરીકે બઢતી આપવામાં આવ્યા બાદ સેકશન અધિકારીમાંથી ઉપસચિવ તરીકે બઢતી આપવા માટેનો પણ તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વહીવટી તંત્ર ઉપરાંત પોલીસતંત્રમાં પણ બઢતી અને બદલીઓનો તખ્તો ગોઠવાઈ ગયો છે. અંદાજે ૭૫ જેટલા પી.આઈ. કક્ષાના અધિકારીઓને નાયબ પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપવા માટેની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે અને એક બે દિવસમાં બઢતીના હુકમો જાહેર કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. ડિસેમ્બરના અંત સુધીમાં વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં બઢતી અને બદલીનો દોર શરુ કરીને ફેરફારો કરવામાં આવનાર છે.

બાબા સાહેબ આંબેડકરના નિર્વાણ દિને વિવિધ સંસ્થાઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ સચિવાલય સામે બાબા સાહેબની પ્રતિમા ખાતે યોજાયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

મધ્ય ગુજરાતમાં જંગી આદિવાસી સંમેલન યોજાશે
જંગલની જમીનના અધિકારપત્રો અપાશે

ગાંધીનગર, તા. ૬

આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને ગુજરાતમાં આદિવાસી બેઠકની લોકસભા બેઠકો જીતવા માટેની રણનીતિ ભાજપે ઘડી કાઢી છે. જેના ભાગરૂપે આગામી ટુંક સમયમાં દાહોદ જિલ્લામાં એક જંગી આદિવાસી રેલી યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપે ચૂંટણીની તૈયારીઓ આરંભી દીધી છે. ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર વિજય મેળવવા માટેની ચૂંટણી વ્યૂહરચના ઘડી કાઢી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં કોંગ્રેસનો ગઢ મનાતા આદિવાસી બેલ્ટની તમામ લોકસભા બેઠકો પર વિજય મેળવવા વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે. આગામી ટૂંક સમયમાં દાહોદ જિલ્લામાં એક જંગી આદિવાસી રેલી યોજવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપ સરકાર દ્વારા દાહોદ જિલ્લામાં યોજાનાર જંગી આદિવાસી રેલીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે જંગલની જમીન પર કેતી કરતા આદિવાસી ખેડૂતોને જંગલની જમીનના અધિકાર પત્રોનું વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ આદિવાસી જનસભામાં આયોજન માટે જિલ્લા તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ આજે ગાંધીનગર ખાતે સાબરકાંઠા જિલ્લાના અરવલ્લી જિલ્લાના અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી. જેમાં દાહોદ, ગોધરામાં યોજાનાર આદિવાસી જનસભા અંગેની રૂપરેખાથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ જિલ્લામાં પણ આવું આદિવાસી સંમેલન યોજવા માટેનું આયોજન કરવા અંગે પણ સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જિલ્લામાં મધ્યગુજરાત અને બનાસકાંઠા જિલ્લાના આદિવાસીઓનું સંમેલન યોજવામાં આવનાર છે. જો કે આ સંમેલનનું સ્થળ અને તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી.

WORLD BIG Cinemas
R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
R...Rajkumar (U/A) - 10.00 am, 12.45, 3.45, 6.45 & 10.00 pm
Bullett Raja (U/A) - 1.00, 7.00 & 10.15 pm
Ram Leela (U/A) - 4.00 pm
*schedule subject to change
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

REQUIRED
International call center require Male/Female having english communication skill and willing to work at night shift for legal processes at gandhinagar infocity. Excellent salary, Incentive, Pickup/Drop, Dinner. Rush with resume 4 pm onwards at 204-A, I T Tower - 1, Infocity, Gandhinagar.
M. : 9712774898

HANDICRAFT & HANDLOOM EXPO
An opulent show of ethnic & traditional silk, cotton, handloom & handicraft products made by master artisans & weavers from all over India...
ENTRY / PARKING FREE
LAST 2 DAYS
SAYYAR GARBA GROUND, SECTOR-6, NEAR PETROL PUMP, GANDHINAGAR
Products on Display
•Matka Silk •Kolkata Jute Bag •Banarasi Silk
•Munga Silk •Arey Silk •Tussar Silk •Kantha Silk
•Baluchari Silk •Rajasthani •Wooden Furniture
•Saree •Pottery •Jute •Jewelry •Dress material
•Shawls •Kurti & Top •Brasswares •Terracotta
DISCOUNT 50% up to
Contact: 09737875949 09033960881
ORGD. BY: R.R.M.K.G.S., R/O BY: MINISTRY OF TEXTILES GOVT. OF INDIA

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

આપની લાડલીની આણાની ખરીદી માટેનું વિશ્વાસપાત્ર સ્થળ
MANY HAPPY CLIENTS FROM ABROAD FOR OUR EXQUISITE BRIDAL COLLECTION OF CHANIYACHOLI, SAREE, ANARKALI. NOW IS THE TIME FOR YOU TO DECIDE. VISIT OUR DESIGNER STUDIO TODAY! OR
www.kalpanascreations.com/bridal
www.facebook.com/kalpanascreations
WE STITCH/DESIGN SUPERB DESIGNER BLOUSES FOR YOUR SAREES - RANGE STARTS RS. 2500
All major credit cards accepted
KALPANA'S Creations
9 Colors of Grace, Style and Fashion
Ashirvad Paras,Sales India Lane, Corporate Road,Prahladnagar, A'bad. 40327054-55-57.
info@kalpanascreations.com. Whatsapp : 9724132749. skype:kalpanamshah
TROUSSEOU AND BRIDAL CHOLI SPECIALIST
SUPERB BRIDAL COLLECTION EXHIBTION ON!